## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તમારા પગ મહીં જયારે પડયો છું;
હું સમજ્યો એમ-આકાશે ચડયો છું
જતાં ને આવતાં મારે જ રસ્તે,
બની પથ્થર,હું પોતાને નડયો છું.
ઊછળતું દૂર ઘોડાપુર જોયું ;
અને પાસે જતાં ભોંઠો પડ્યો છું
તમો શોધો તમો ને એ જ રીતે,
હું ખોવાયા પછી મુજને જડયો છું !

- 'શયદા'

### પાથેય

- રમેશ ઠક્કર

## જાતને શોધવાની મજા...

ઘણીવાર જે સીધેસીધું દેખાય એવું વાસ્તવમાં હોતું નથી.બે લીટી વચ્ચે લખાયેલા શબ્દોમા કયારેક વિસ્મય છુપાયેલું હોય છે.માણસ સીધી લીટીમાં જોઈ નાખે છે.એક જ ઘટના કે એક જ બનાવને અલગઅલગ રીતે જોવાની કે અનુભવવાની પણ એક મજા હોય છે.આપણે અનેક લોકોના ઉપકારવશ થઈને જીવતા હોઈએ છીએ..ઘણીવાર એ જરૂરી પણ હોય છે..કોઈના ભાર તળે રહેવાનું કોઈનેય ગમતું હોતું નથી..આપણે જયારે કોઈની પાસે કશી પણ યાચના કે માગણી કરીએ છીએ ત્યારે આપણું વ્યકિતત્વ અંદરથી ઝાખું પડી જતું હોય છે..જગતના લોકો તમને સહારો આપે એનાથી તમે ધરતી ઉપર થોડીઘણી સહેલગાહ કરી શકો..એવા લોકોને માન આપવાથી કે એમના પગમાં પડવાથી કોઈ કાયમી સધિયારો મળી શકતો નથી..તમારે જો ઉંચી ઉડાન ભરવી હોય સફળતા કે સુખના આકાશમાં ઉઠવું હોય તો એવી વ્યકિતના પગમાં પડવું જોઈએ જે એ માટે સમર્થ હોય..એવી સમર્થ વ્યકિત એટલે ઈશ્વર..આપણે જયારે એની આગળ યાચના કરીએ છીએ ત્યારે એ ફકત માગણી નથી હોતી આપણો અધિકાર પણ હોય છે !

સ્વભાવે યાચક એવો માણસ જો પોતાની જાત પાસે શું પડયું છે એની જો તલાશ કરે તો આપોઆપ એની ઈચ્છા પુરી થઈ જાય..દુનિયામાં માણસની સામે સૌથી મોટી અડચણ કોણ હોય છે ? સડક ઉપરના સ્પીડ બ્રેકર જોઈ શકતી આપણી ચકોર નજર આપણી અંદરના અંતરાયોને જોઈ શકતી નથી..કોઈપણ માણસ જયારે હાદીથાકીને કોઈકની સામે શરણાગતિ ભાવ સ્વીકારે છે ત્યારે એણે બાહય જગતના તમામ લોકો પાસે મદદ માગી હશે..પરંતુ પોતાની જાત પાસે એની એવી કોઈ શ્રધ્ધા રાખી નહી હોય..માણસ એ રીતે જોઈએ તો આજીવન પોતાના જ રસ્તે પોતને જ નડતો રહે છે ! જો એ પોતાની અંદરની શકિતઓ કે અંદરના અવાજનો રણકો અનુભવી આગળ ધપતો રહે તો એને કોઈની પણ જરૂર પડતી નથી.

આપણે સહુ ખોટી બાબતો કે ચળકાટથી અંજાતા રહીએ છીએ..મૃગજળ કે કોઈ જો નથી એવી સીધીસાદી હકિકત આપણને સમજાતી નથી..આપણી દોડ આવી ઘેલછાઓ માટેની બની રહે છે..આપણા સંતોએ ભ્રમણાને ભાંગવાની સલાહ આપી છે..આપણે ભ્રમણા પાછળ ભાગવાનું શીખ્યા છીએ..નજીક રહેલાં નાનાં નાનાં સુખનાં સ્ટેશનો આપણે જોઈ શકતા નથી..પૂરપાટ ઝડપે ભાગવાનો દરેકને ભ્રમ હોય છે..વેરાન રણમાં દૂર દૂર દેખાતી રણની પથારી ઉપર આપણને મબલખ પાણીથી છલકાતી સરવાણીઓ દેખાય છે..મૃગજળની આ જ તો માયાજાળ છે.અંતે એ જયારે છળ બનીને સામે ઉભું રહે છે ત્યારે આપણને ખોટી દોડ માટેનો વસવસો થઈ જાય છે .એ વખતે માણસના નસીબમાં ભોંઠપ સિવાય કશું જ બચતું નથી !

અનુસંધાન પાના નં. ૭ પર

# ચકલી, પાણી, કોરોના, ચૂંટણી....

**તંત્રીસ્થાનેથી...**

એકી સાથે પર્યાવરણ, આરોગ્ય અને કવિતાનો ત્રિવેણી સંગમ રચાયો છે. આજે વિશ્વ જળદિવસ છે, વિશ્વ કવિતા દિવસ છે અને વળી માથા વગરના ખવીસ જેવા વિષાણુ કોરોનાએ બરાબર આજથી બે વર્ષ પૂર્વે પહેલો ભરખ લીધો હોવાની કરુણ સ્મૃતિ છે. ગઈ કાલે વિશ્વ ચકલી દિવસ ગયો. સમયનું ચક્ર તો નિરંતર ચાલતું જ રહેવાનું છે. પાંચ હજારથી વધુ વર્ષો પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણને 'જરા' પારધિએ હરણ સમજીને તીર માર્યું હતું એ દિવસની તારીખ પણ આપણા પંચાગકારો શોધી લાવ્યા છે. ત્યારે કંઈ ગ્રેગરિયન કેલેન્ડરનો જન્મ તો નહોતો થયો, પરંતુ ગણતરી માંડતા તે દિવસે ૧૮ માર્ચ આવે છે ! આમ આ સમયગાળો અનેક રીતે મહત્ત્વનો બની રહે છે. ચકલી હવે કયાંક ભૂલથી નજરે પડી જાય છે. કયારેક એની ચીં ચીં એ વહેલી સવારનું ફરજિયાત સંગીત હતું. ચીનના ભગવાન ગણાતા માઓત્સે તુંગે (માઓ ઝે ડાંગે) ભૂખરમાથી પીડાતા ચીનને સદ્ધર સ્થિતિમાં મૂકવા માટે એક વિચિત્ર ફડવો બહાર પાડ્યો હતો. અનાજનો બગાડ કરતી ચાર પ્રજાપતિઓ - ચકલી, ઉંદર, મચ્છર અને માખીના સર્વનાશ માટેના સરકારી આદેશ મુજબ લોકો જયાં જુએ ત્યાં ચકલીને મારવા લાગ્યા હતા. એક તબક્કે ચકલી ચીનમાં નામશેષ બની ગઈ પરંતુ એની પ્રતિક્રિયા ધાર્યા કરતાં અવળી પડી. ચકલી જે અનાજ ખાઈ જતી એના કરતાં ચકલી પાકમાં પડતી જીવાતનો નાશ કરતી હતી એનો તો માઓએ વિચાર નહોતો આવ્યો. વરસોવરસ પાક નિષ્ફળ જવા માંડ્યા અને ભૂખમરાની સ્થિતિ વધુ વિકરાળ બની. આખરે મોડે મોડે ભૂલ સમજાણી ત્યારે ચીને પાડેશી સોવિયેત યુનિયનમાંથી ચકલીઓનો મોટો જથ્થો આયાત કરવો પડ્યો હતો ! ચકલી દિવસ એ રીતે પર્યાવરણ સંરક્ષણનું પર્વ ગણાય. એવું જ બીજું પર્યાવરણ પર્વ જે વિશ્વજળ દિવસ. 'જળ એ જ જીવન' નું સૂત્ર અમલમાં મૂક્યા વગર ચાલે એમ જ નથી. માનવીએ એના નિહિત સ્વાર્થ ખાતર ધરતીના પેટાળને પોલું ઢંઢ કરી મૂક્યું છે અને દુધાળા જાનવરના આંચળમાં લોહીના ટશિયા ફૂટે ત્યાં સુધી દૂધ ખેંચી લેનારા ક્રૂર પશુપાલકની જેમ ધરતીપુત્ર ગણાતા ખેડૂતોએ જ ધરતીમાતાના થાનેલા સૂકવી નાખ્યા છે. એ વિકટ પરિસ્થિતિના ઈલાજ લેખે સિંચાઈ માટેના ખેત તલાવડી, આડબંધો અને વરસાદના પાણીના રિચાર્જથી લઈ ભૂમિગત ટાંકામાં સંગ્રહ જેવા ઉપાયો અજમાવી આપણે જળશંકટથી બચવા કોશિશ કરી રહ્યા છીએ. ગાંધીજી બે કાંઠે વહેતી સાબરમતીમાંથી ફક્ત બે લોટા પાણી લઈને સ્નાન કરી લેતા હતા. તેઓ પાણીની કિંમત સમજતા હતા. પાણીના બેફામ દુરુપયોગને અટકાવવા રીતસરની જળઝુંબેશ જરૂરી છે. ભવિષ્યમાં પાણીના મુદ્દે યુદ્ધો ખેલાશે એ પહેલાં માનવજાતે ચેતી જવાની જરૂર છે. વિશ્વ જળ દિવસે ગુજરાત સાહિત્ય અકાદમી અંબાપુર ગામે જળગીતોના ગાનનો પ્રયોગ અને ઉપક્રમ યોજે એ ખરેખર આવકારદાયક ઘટના લેખાશે. પરંતુ બરાબર બે વર્ષ પૂર્વે આજની જ તારીખે કોરોનાએ ગુજરાતમાં પહેલો ભોગ લીધો હતો એ વિષાદમય ઘટના પણ વીસરવા જેવી નથી. કોરોનાએ શરૂ શરૂમાં હળવાશથી લેવાની નીતિ દેશને અને સવિશેષ ગુજરાતને ભારે મોંઘી પડી ગઈ હતી. એણે કલ્પના બહારનું કાઠું કાઢ્યું હતું અને અસંખ્ય જીવોનો ભોગ લીધો હતો. સરકારે થાબણભાણાં કરી સાચી સંખ્યા છુપાવવા ઘણા કારસા કર્યા પરંતુ કબ્રસ્તાનો, સ્મશાનો, ગંગા જેવી નદીઓ અને હોસ્પિટલોએ મૂંગા રહીને પણ સત્યનો પર્દાફાશ કરી દીધો હતો. પારુલ ખખ્ખર જેવી કવયિત્રીએ રાજયનો રોષ વહોરીને પણ એની હૈયાસગડીના અંગારા રમતા મૂકવા પડ્યા હતા. મૃતકોને વળતર આપવાના મુદ્દે ઠાગાઠૈયા થતા રહ્યા પરંતુ આખરે અદાલતોએ કમનસીબ પરિવારોની વહારે ચડીને સરકારના કાન આમળવા પડ્યા હતા. કોરોનાએ કંઈ કેટલાય વરિષ્ઠોનો સાથ વાળી દીધો હતો. કેટલાંય બાળકોના માથેથી માતાપિતાની છત્રછાયા ઊઠી ગઈ હતી. ઓમિક્રોન વેરિયંટ નબળો સાબિત થયો એ કદાચ સામૂહિક રસીકરણનો પ્રભાવ હશે. છતાં ચીનમાં એ ફરી માથું ઊંચકી રહેલ છે એટલે ભારતે ચેતતા તો રહેવું જ પડશે. દરમિયાન કોરોનાને બદલે યુક્રેનનો નરસંહાર હેડલાઈન્સોમાં ચમકે છે, કયાંક 'કાશ્મીર ફાઈલ્સ'ના પડછંદા વાગે છે અને હવે બહુ જ નજીકના ભવિષ્યમાં ચૂંટણીના પડગમ વાગવાના છે. કમ્મર કસવી જ રહી !

## દિન મહિમા

- વિશ્વ કાવ્ય દિન, યુનેસ્કો.
- વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિન
- વિશ્વ વન દિવસ
- વિશ્વ કઠપુતળી દિન

આજનું

### ઔષધ

- એલચી, સાકર અને કોકમની ચટણી બનાવીને ખાવાથી એસીડીટી મટે છે.

### ખડખડાટ

- જજ : તું ત્રીજી વખત અદાલત આવ્યો છે. તને શરમ નથી આવતી.
મુઝરીમ : સાલા, તૂ તો રોજ આવે છે તારે તો ડૂબીને મરી જવું જોઈએ.

આજનો

### વોટ્સએપ

- એટલા કામયાબ બનો કે જો લોકો તમારું મજાક બનાવે છે તે પણ એક દિવસ તમારી કામયાબીથી શર્મિંદા થઈ જાય.

# ગ્રાહકોનાં અધિકારોનાં રક્ષણથી વંચિત - ગ્રાહક સુરક્ષા ધારો




ગ્રાહકોનાં અધિકારોનું રક્ષણ કરવા માટે ૧૯૮૬માં ગ્રાહક સુરક્ષા ધારો લાવવામાં આવ્યો. જેનો અમલ સને ૧૯૯૦માં ધીરે ધીરે જનજાગૃતિ આવતા થવા લાગ્યો. ત્યારબાદ ૨૦૧૯માં નવો ગ્રાહક અધિનિયમ આવ્યો, પરંતુ વાટાઘાટોથી કે વૈકલ્પિક તકરાર નિવારણની પધ્ધતીથી ઉકેલ લાવવાનો તેમાં પ્રબંધ કરવામાં આવ્યો, પરંતુ વળતર ચૂકવવાની બાબતમાં આપણા દેશમાં કાયદો એટલો મજબૂત બન્યો નથી અથવા તો તેનો અમલ એટલી કડકાઈથી વિદેશની સરખામણીમાં કરવામાં આવતો નથી. ભારતમાં ગ્રાહકોનાં હકકોને કાયદાકીય માન્યતા આપવાનું ચલણ બહુ જ ઓછું છે. ગ્રાહક કયાંક જતુ કરવાની માન્યતા ધરાવે છે અથવા તો છેતરાઈને ચૂપ બેસી રહેવામાં માને છે. કેટલાક લોકો પોતે છેતરાયા છે તે વાત બીજા જાણી જાય તેમાં શરમ અનુભવે છે અને આવી માનસિકતાનાં કારણે અદાલતમાં જતા અટકે છે. જો કે ભારતની ન્યાય પ્રક્રિયા પણ કેટલાક અંશે આના માટે જવાબદાર છે. ચીજ-વસ્તુઓનાં પેકેજ પર જ લખવામાં આવે છે "ખરીદનાર સાવધાન". ગ્રાહક જે ચીજ વસ્તુ ખરીદે છે તે પોતે જોઈ ચકાસીને ખરીદવી જોઈએ. ખરાબ વસ્તુ નીકળે કે નુકશાની વાળો માલ નિકળે તો પોતે પોતાના નસીબને દોષ ગણે છે, પરંતુ ન્યાય મેળવતો નથી અથવા તો જે કંપનીએ કે જે ઉત્પાદકે તેને છેતર્યો છે તેને પાઠ ભણાવવા કે સજા અપાવવામાં માનતો નથી, પરંતુ ખરીદનાર સાવધાનની જગ્યાએ "વેચનાર જવાબદાર" એ મતલબનું લખાણ જ્યાં સુધી કંપની કે ઉત્પાદક પોતાના માલ પર લખતા નહી થાય ત્યાં સુધી ગ્રાહક છેતરાતો રહેશે. કેટલીક વખત પોતે છેતરાયો હોય કે નુકશાનીવાળો માલ લીધો હોય તેની કિંમત કરતા કાયદાકીય લડતનો ખર્ચો વધી જતા આવી જટીલ પ્રક્રિયામાં સમય તથા નાણાંનો વ્યય કરવામાં ગ્રાહક માનતો નથી. તેથી નાની ચીજવસ્તુઓમાં બાંધછોડ કરતો હોય છે. આ માટે ત્વરિત ન્યાય મળે તેવા નિયમ તથા કાયદા બનાવવા જોઈએ.

જંગી કંપનીઓનાં કરાર એકતરફી હોય છે. જેમાં કયારેક આરોગ્યલક્ષી શરતોનો પણ સમાવેશ થતો હોય છે. છતાં વીજ કંપની, મોબાઈલ કંપની, ગેસ કંપની, વિમા કંપની, રેલ્વે કંપની જેવાં મોટા કોર્પોરેશનમાં મોટી લીગલ ટીમ કામ કરતી હોય છે. તેની સામે ગ્રાહક ટેકનીકલ રીતે કાયદાકીય લડતમાં ટકી શકતો નથી. તેથી પણ આવી રાક્ષસી કદની કંપનીઓ સામે લડવાનું ટાળે છે. જેનો ફાયદો કંપનીઓ ઉઠાવે છે. સરવાળે ગ્રાહક બાપડો-બિચારો બનીને રહી જાય છે. કેટલીક વખત કંપનીઓ સાથેનાં કોન્ટ્રાક્ટમાં જીણાં અક્ષરમાં ફૂદડીઓ સાથે ના વંચાતી શરતોમાં પણ ગ્રાહક જાણે-અજાણે સહી કરી આપી કાંડા કાપી આપે છે. જે અદાલતમાં પુરાવામાં કંપનીઓ રજુ કરી જીત મેળવે છે. ખાસ કરીને વીમા કંપનીઓ આનો ભરપૂર ફાયદો ઉઠાવે છે.

લોભામણી તથા છેતરામણી જાહેરાતો ગેરકાયદેસર હોવા છતાં કોઈપણ સંગઠન તેમનાં વિરૂધ્ધ અવાજ ઉઠાવી શકતું નથી. સરળ, સસ્તી, અને ઝડપી ન્યાય પ્રથા ગ્રાહકોને આપવામાં આઝાદીની ૭૫ વર્ષ પછી પણ ન્યાયતંત્ર ઉણું ઉતર્યુ છે. તેનો ભરપૂર ફાયદો કંપનીઓ ઉઠાવે છે. તેમજ ગ્રાહક એ સંગઠીત નથી. અલગ-અલગ જગ્યાએ આનો ભોગ બનતો હોય છે. તેમજ કંપનીની હકુમત રજીસ્ટર ઓફીસમાં જ મર્યાદિત હોય ત્યાં સુધી ગ્રાહક ધક્કા ખાઈ ન્યાય મેળવી શકતો નથી. તેથી મોટી કંપનીઓ ગ્રાહકોને જીલ્લા તકરારથી માંડીને નેશનલ ફોરમ સુધી ગ્રાહકને ખેંચીને થકવી નાખે છે. તબીબી સેવાઓનો પણ ગ્રાહક સુરક્ષાનાં ધારામાં સમાવેશ કરવામાં આવ્યા પછી પણ અલગ-અલગ લેબોરેટરીનાં રીપોર્ટ મુજબ દર્દીની સેવામાં ખામી વચ્ચે ખોટી સારવાર કરતા ડોક્ટરો સામે પગલા ભરી શકાતા નથી. તે જ રીતે ચાર્ટડ એકાઉન્ટન્ટે કરેલ ઓડિટની ભૂલ નિકળે તો પણ સેવામાં કરેલ ભૂલ નીકળે તો ગ્રાહક સુરક્ષામાં આવતું ના હોય ભૂલ અને અક્ષમ્ય બેદરકારી વચ્ચે મોટો તફાવત હોય જેમાં લેવાવી જોઈતી સંભાળ, દરકાર, કાળજી, ઘોર નિષ્કાળજી છતાં કાયદાકીય દાયરામાં ક્યાંય આવી ભૂલોનો સ્વીકાર થતો નથી કે તે બદલ ગ્રાહકને વળતર ચૂકવી શકાતું નથી. તે જ રીતે વકીલો કદી કોઈ કેસ જીતવાની અસીલોને ગેરંટી આપી શકે નહિ. આવા પેચીદા પ્રશ્નો ગ્રાહક સુરક્ષાનાં કાયદામાં અનેકવાર ઉભા થયેલા છે. ડોક્ટરો, વકીલો કે ચાર્ટડ એકાન્ટન્ટોની ભૂલોનો ભોગ તેનાં કલાયન્ટો બને તો નાણાંકીય વળતર મેળવવા હક્કદાર હોવા છતાં આવી ટેકનીકલ બાબતો તેમનાં કલાયન્ટો કાયદાની કોર્ટમાં સાબિત કરી શકતા નથી. તેનાં કારણે વળતર મેળવી શકતા નથી. તેથી વિદેશની સરખામણીએ ભારતમાં ગ્રાહક સુરક્ષા ધારો પાંગળો પૂરવાર થાય છે અને તેનો જોઈએ તેટલો લાભ ગ્રાહકો ઉઠાવી શકતા નથી. માત્ર ગ્રાહક સુરક્ષા પખવાડીયું ઉજવી સરકાર અને સામાજીક સંસ્થાઓ સંતોષ માને છે, પરંતુ નક્કર અને વાસ્તવિક કાર્યો કરતી નથી.

તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ હેઠળ કાયદો ઘડી તેને પણ ગ્રાહક સુરક્ષા નીચે આવરી લીધેલ છે. અને ગ્રાહકનાં હિતનું રક્ષણ બિલ્ડરો જાળવે તેવા શુધ્ધ હેતુથી રેરાનો કાયદો અલગ બનાવી તેનું અલગ ફોરમ પણ બનાવેલ છે. રેરાનો કાયદો કેવળ દિવાની હકૂમતને બાકાત રાખે છે, ગ્રાહક અદાલતની નહિ. ગ્રાહકનાં હકકોને અબાધિત અધિકાર આપેલ છે અને તેનાં માટે ઝડપી અને કાર્યક્ષમ ન્યાયીક પધ્ધતિ અમલમાં મૂકવી આવશયક છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧
info@trivediassociates.in

# પરસ્પર એકબીજાને સમજતા અને અનુકૂળ બનતા શીખીએ




"મીઠા શબ્દોના ખાલી બે ટીપા
સંબંધોને પોલિયો થતા અટકાવે છે..."

આજના આ સમયમાં શારીરિક શ્રમ પડે કે થાક લાગે એવા કામ કરવાનું ઘટી રહ્યું છે પરંતુ, માનસિક તાણ મોટાભાગના લોકોમાં જોવા મળે જ છે. નાના-મોટા તમામને કોઈને કોઈ પ્રકારનો તાણ જીજિજ રહેલા જ હોય છે અને પરિણામે જ્યાં પણ ચાન્સ મળે વ્યક્તિ પોતાનું ફ્રસ્ટ્રેશન ત્યાં ઠાલવી દે છે. પોતાને સાંભળવું કોઈનું નથી અને બસ પોતાની તકલીફો બધાને ગાવી છે. અંબુભાઈ શાહની લખેલી આ વાર્તા તેનું સચોટ ઉદાહરણ છે :

'એ સૂર્યવંશી ! કયાં સુધી ઘોરવું છે ? દુકાને કયારે જઈશ ? ચાલ ઊઠ, ઝટ તૈયાર થા !' મનહરલાલે પુત્રને ઉઠાડતાં કહ્યું, પુત્ર તરત ઊઠ્યો. પણ પિતાના શબ્દો એની છાતીમાં વાગ્યા. મારનો ઘા કંઈક હળવો બને છે ? - એ જોવા પુત્રે ખુલાસો કર્યોઃ 'રાતે મોડે સુધી નામું લખ્યું હતું એટલે જરા મોડું..."

'હું તને ન ઓળખતો હોઉં તો ને?" પિતા વચ્ચે જ ગરજયા. 'લખ્યાં નામું હવે! ખાલી બહાનાં ન બતાવ. ઊંઘણશી છે ઊંઘણશી!"

પુત્રના મનમાં થયું, "શું પોતે નામું નહોતું લખ્યું? પોતાના ઉપર આટલો બધો અવિશ્વાસ?" ઘા વધુ ઊંડો થયો. ખિન્ન મને પુત્ર દુકાને ગયો... મુનિમ આજે દુકાને મોડા આવ્યા. પુત્રે તરત ટકોર્યાઃ 'કેમ મોડા ?"

પ્રશ્નનો ધ્વનિ અને રીત મુનિમને ખટક્યા. પણ એ સમજુ અને પીઢ હતા. શાંતિથી ખુલાસો કર્યો કે, પત્નીની તબિયત સારી ન હતી, તેથી મોડું થયું. પણ શેઠ-પુત્રે રોકડું પરખાવ્યું કે, "એવા બહાના કાંઈ ચાલેલાલે નહીં. નોકરી કરવી હોય તો વખતસર આવતાં શીખો."મુનિમને ભારે આશ્ચર્ય થયું : નાના શેઠ કોઈ દિવસ આ રીતે વાત કરતા નથી, અને આજે આમ કેમ? પણ મનમાં સમસમીને બેસી ગયા.

મુનિમના મનમાં પત્નીની બિમારીની ચિંતા ઓછી ન હતી. એમાં નાના શેઠના આ આ વર્તાવથી ભારે ઉદ્વેગ થયો. બપોરે ઘેર જમવા જતાં બિમાર પત્ની માટે પપૈયો લઈ જવાનું તે ભૂલી ગયા. ઘેર પહોચવા લાગતાં જ પત્નીએ પૂછ્યું, " પપૈયા લાવ્યા ?" ત્યાં તો મુનિમજી તાડૂકીને બોલ્યા, "બસ, દુકાને શેઠ અને ઘેર શેઠાણી ! હજુ પગ મૂક્યો નથી કે હુકમ છૂટ્યો નથી." પત્નીને ભારે દુઃખ થયું. માત્ર "પપૈયા લાવ્યા?' એમ પૂછયું, એને પણ હુકમ ગણ્યો? જિંદગી આખી પતિની ઈચ્છાને આધીન બનેલી પત્ની આજે બપોરે વ્યથિત હૈયે સમસમીને પથારીમાં સૂઈજ રહી.

બપોરના મોડેથી જૂનાં કપડાંના બદલામાં વાસણ આપનાર બહેને આવી બારણે સાદ પાડ્યો. આ બિમાર બહેને ઊભા થઈ બારણે આવી વાસણવાળી બહેનને કહ્યુંઃ 'બધાં ચોર છો ચોર. ધૂતવા જ નીકળ્યા છો!" અને બારણું ધડ બંધ કરી, જઈને પથારીમાં પડતું મૂક્યું. પેલા બહેનને ક્રોધ તો ઘણોય આવ્યો, પણ બંધ બારણા સામે બડબડીને જ આગળ વધવું પડ્યું.

થોડીવાર પછી આ બહેન દાતણ વેચવા નજીકના બજારમાં પાથરણું પાથરીને બેઠા. સાંજ પડવા આવી હતી. દુકાન વધાવીને ઘર ભણી જતાં મનહરલાલ બજારમાં દાતણ લેવા આવ્યા અને આ બહેન પાસેથી દાતણ લીધા. સારાનરસાં જોતાં, એક વધુ દાતણ ખ્યાલ બહાર હાથમાંથી ઝોળીમાં પડી ગયું. દાતણવાળી બહેને આ જોયું. મનહરલાલે પૈસા આપી ચાલવા માંડ્યું, ત્યાં જ બહેને હાક મારી : 'એ ચીનના શાહુકાર ! ગણતાં આવડે છે કે નહીં? વધનું દાતણ પાછું આપતા જાવ! મનહરલાલ તો આભા જ બની ગયા. ઝોળીમાં જોયું તો એક દાતણ વધારે હતું. તે પાછું આપતાં બચાવમાં કહેવા લાગ્યા, "જાણી કરીને નથી લીધું. અજાણતાં પડી ગયું હશે. પણ દાતણવાળી બહેને તો સંભળાવ્ય જ રાખ્યું. મનહરલાલે જતાં જતાં એના શબ્દો સાંભળ્યા : 'હું તમ રોબા લોકને ઓળખતી ન હોઉં તો ને? લ્યો, બતાવ્યું બહાનું - જાણી કરીને નથી લીધા ! ચીનના શાહુકાર છો શાહુકાર." એવા લહેકાથી આ શબ્દો બોલાયા કે આજુબાજુના લોકો પણ મનહરલાલ તરફ જોઈ રહ્યા. તેમને થયું કે ધરતી મારગ આપે તો સમાઈ જવું સારું.

સવારે મનહરલાલે જે શબ્દોનું તીર છોડ્યું હતું તે જ તીર સાંજ સુધીમાં અનેકનાં દિલ વીંધતું વધતું આવીને તેમને જ વાગ્યું.

આપણામાંના કેટલા લોકોને આ પ્રકારનો અનુભવ થયો છે કે તે પોતાની જાતને જ પૂછીએ તો જવાબ મળશે કે મોટાભાગના તમામ આમાંથી પસાર થઈ ચૂક્યા છીએ. સામેવાળાની પરિસ્થિતિનો વિચાર આપણે શા માટે કરીએ ? આપણે તો બસ આપણી જ વાત ચલાવ્યા રાખીએ છીએ. એકબીજાને **Blame** કરતા પહેલાં પોતાની જાતને એ પરિસ્થિતિમાં મૂકીને ત્યારબાદ સમજણપૂર્વક આગળ વાત કરીએ તો કદાચ એકબીજાને વ્યથિત કરવાની આ Chain ને વચ્ચેથી જ અટકાવી શકાય. કયારેક કોઈની નિંદા સાંભળીએ, તો પણ એમ સમજવું કે કંઈક ગેરસમજ થઈ હશે. કહેવા-સાંભળવામાં પણ ભૂલો થતી જ હોય છે. એક વ્યક્તિ જે ભાવનાથી બોલે, અન્ય એનો કંઈક અલગ જ અર્થ કાઢે તો ગેરસમજ ઊભી થાય છે. કોઈ વ્યક્તિ કદાચ પોતાની ભૂલો તમારી સમક્ષ સ્વીકારે તો તેના દોષ અને ભૂલો સાંભળીને તેના નિવારણમાં મદદ કરવામાં આવે તો ધીરે ધીરે વ્યક્તિની ભૂલો અને એના દોષ ધોવાતા જાય છે અને તેનું મન સ્વચ્છ બને છે. તો આવો, પરસ્પર એકબીજાને સમજતા અને અનુકૂળ બનતા શીખી અને એક સુંદર, તંદુરસ્ત સમાજનું નિર્માણ કરીએ.

**Last Seen:**

"કંઈક બોલવામાં અને સંભળાવી દેવામાં
માત્ર એક ક્ષણ લાગે છે !
જયારે કંઈક બનાવવામાં અને મનાવવામાં
આખુંયે આયખું વીતી જાય છે !
પ્રેમ સદાય માફી માંગવાનું સ્વીકારે છે
જયારે અહંકાર સદાય માફી સ્વીકારવાનું જ પસંદ કરે છે !'

- nehalgadhavi101@gmail.com

# ઉત્તર ગુજરાતનું ગૌરવઃ સ્વાતંત્ર્ય સેનાની અને લોકસેવક પ્રહલાદભાઈ પટેલ




ભૂદાનની ચળવળ ચાલતી હતી. સમગ્ર ગુજરાત પણ તેમાં હોંશે હોંશે જોડાયું હતું. જમીનનું દાન આપવાની સુગંધ સમગ્ર ઉત્તર ગુજરાતમાં પણ પ્રસરી હતી. બેચરાજીમાં લાટી ચલાવતા અને મૂળ સીતાપુર ગામના શ્રી પ્રહલાદભાઈ પટેલ પણ સ્વતંત્રતાની લડતમાં જોડાયેલા. તેમના રોમ રોમમાં રાષ્ટ્રપ્રેમ હતો. ગરીબોનું તેમને ખૂબ દાઝતું. ભૂદાનની સભા યોજાયેલી તેમાં તેઓ ગયા હતા. પોતાની ૨૦૦ વીઘા જમીન ભૂદાનમાં આપીને ઘરે આવ્યા. ઘરમાંથી કોઈકે પૂછ્યું કે, આવડો મોટો નિર્ણય કર્યો તેનો કોઈ વાંધો નથી, પરંતુ વિચાર તો કરવો હતો કે, આ જમીનની કિંમત કેટલી થાય છે? એ રાષ્ટ્રપ્રેમી યુવકે ત્યારે જે જવાબ આપ્યો હતો તે જબરજસ્ત હતો. એ જવાબમાં સંવેદના અને કરુણા હતાં. એ જવાબમાં નાગરિક ધર્મનો સંકેત હતો. શ્રી પ્રહલાદભાઈએ કહ્યું કે, મને ખબર નથી કે જમીનની કિંમત કેટલી છે, પરંતુ જો મેં ભૂદાનમાં જમીન ન લખાવી હોત તો મારી કિંમત શૂન્ય થઈ જાત.

કેટલો અદ્દભૂત જવાબ ! તમે જ્યારે નાગરિક ધર્મ અદા નથી કરતા, છેવાડાના માણસ માટે કોઈ બલિદાન નથી આપતા ત્યારે તમારી કિંમત શૂન્ય થઈ જાય છે.

..............

ગુજરાતની ધરતીની વિશેષતા રહી છે કે અહીં સમયાંતરે મહાન વ્યક્તિઓ જન્મતી રહે છે. આ તપોભૂમિમાં એવા સપૂતો જન્મે છે જે સમાજના મેલને દૂર કરીને તેને ચોખ્ખો કરે છે. ઝાંખાં થતાં મૂલ્યોનું અજવાળું પાછું લાવે છે. માનવતાની મહેંકને પ્રસરાવે છે અને સમાજને સ્વસ્થ કરીને લોકોને લોકોને સાચા જીવન ભણી લઈ જાય છે.

લોકોમાં પ્રહલાદજી શેઠ તરીકે ઓળખાતા શ્રી પ્રહલાદભાઈ હરગોવનદાસ પટેલ આવું જ એક માનવ રત્ન હતા. ૭૭ વર્ષની એક જિંદગીમાં તેમણે અનેક જિંદગીનું કામ કર્યું હતું. સ્વતંત્રતાની લડત, નૂતન ભારતમાં રાજ્યોનું વિલીનીકરણ, ભૂદાન ચળવળ, પ્રજાના પ્રતિનિધિ તરીકેનું જાહેરજીવન, રાષ્ટ્રહિતમાં સંપત્તિનું સર્જન, સમાજ સુધારણા, અસામાજિક તત્વો સામેની મક્કમ લડત, શિક્ષણનો પ્રસાર, દલિતોનો ઉદ્ધાર, ગ્રામોત્થાન એમ વિવિધ ક્ષેત્રે તેમણે ઐતિહાસિક કામગીરી કરી હતી.

રવિશંકર મહારાજ કહેતા તેમ તેઓ ઘસાઈને ઉજળા થયા હતા. માત્ર તેઓ ઉજળા નહોતા થયા તેમણે સમગ્ર સમાજને પણ ઉજળો કર્યો હતો. તેમનો જન્મ ચોથી એપ્રિલ, ૧૯૦૭ના રોજ ઉત્તર ગુજરાતના યાત્રાધામ બેચરાજીની બાજુમાં આવેલા સીતાપુર ગામમાં થયો હતો. માતા ઈચ્છાબા જાજરમાન અને પ્રતિશીલ વ્યક્તિત્વ ધરાવતાં હતાં. શિક્ષક



પિતા હરગોવનદાસ પણ બાહોશ અને લોકનિષ્ઠ હતા. સીતાપુર અને અમદાવાદમાં ભણીને તેઓ મેટ્રિક થયા. જોકે પારિવારિક જરૂરિયાતને પગલે અભ્યાસ છોડીને તેઓ પિતા સાથે લાકડાના વ્યવસાયમાં જોડાયા.

એ વખતે ગાંધીજીના નેતૃત્વમાં સમગ્ર ભારતમાં આઝાદીની લડત પૂરજોશમાં ચાલતી હતી. તેઓ પણ એ રંગે રંગાયા અને લડતમાં જોડાયા. ૧૯૩૦-૩૨ અને ૧૯૪૨ એમ બે વખત તેમણે સાબરમતી અને યરવડામાં જેલવાસ પણ ભોગવ્યો. જેલમાં હતા ત્યારે તેમના પિતાનું નિધન થયું. બ્રિટિશ સરકારે કહ્યું માફીનામું લખીને પિતાની અંતિમ ક્રિયામાં જાઓ. આ તો પ્રહલાદજીભાઈ. ટેકીલા અને મક્કમ. તેમણે ધરાર માફીનામુ ના લખ્યું. તેમના પિતરાઈ ભાઈએ તેમના પિતાની અંતિમવિધિ પૂર્ણ કરી.

ભારત દેશ આઝાદ થયો એ વખતે, પંદરમી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બહુચરાજી માતાના મંદિરના પરિસરમાં તેમના હસ્તે ધ્વજવંદન કરાવીને સમગ્ર ચુંવાળ પંથકે ધન્યતા અનુભવી હતી તો બહુચરાજી માતાએ મંદ મંદ હાસ્ય વેરીને પોતાના વિસ્તારના પનોતા પુત્રને આશીર્વાદ આપ્યા હતા. સરદાર પટેલે ૫૬૫ રાજ્યો અને રજવાડાના વિલીનીકરણની જવાબદારી લીધી. શ્રી પ્રહલાદભાઈ પટેલ તેમાં પણ જોડાયા. દસાડા, વણોદ અને જૈનાબાદ જેવાં રજવાડાંને ભારત દેશ સાથે જોડવામાં તેમણે પ્રદાન કર્યું હતું.

વિનોબા ભાવેએ ૧૯૫૧માં જમીનવિહોણા લોકો માટે શરૂ કરેલા ભૂદાન આંદોલનમાં તેઓ જોડાયા હતા. પોતાની ૨૦૦ વીઘા જમીન ભૂદાનમાં આપવા ઉપરાંત તેમણે ઉત્તર ગુજરાતમાં આ આંદોલનને સફળ બનાવવમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

૧૯૬૦માં મુંબઈ રાજયમાંથી ગુજરાત રાજ્ય છૂટું પડ્યું એ પછી ૧૯૬૨માં થયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેઓ બેચરાજી વિસ્તારના ધારાસભ્ય બન્યા હતા. મંત્રી બનવાની તકને જતી કરીને તેમણે લોકો સાથે સતત જોડાયેલા રહીને કાર્યો કરવાનું પસંદ કર્યું હતું. તેઓ સફળ ધારાસભ્ય હતા. સમગ્ર બેચરાજી પંથકના વિકાસમાં તેમનું પાયાનું, નોંધપાત્ર અને વિવિધલક્ષી પ્રદાન હતું. તેઓ ચાણસ્મા તાલુકા પંચાયતના પ્રથમ પ્રમુખ હતા. દસ વર્ષના કાર્યકાળમાં તેમણે આખા પંથકની માત્ર કાયાપલટ નહીં, કાયાકલ્પ કરવાનો પ્રયાસ કર્યો હતો.

તેઓ માણસોના માણસ હતા. તેઓ સતત ગામડાં ખૂંદતા અને લોકોના પ્રશ્નો સાંભળતા. તેમની લોકાભિમુખતા એટલી પ્રચંડ હતી કે તેમની એક બૂમ પર સેંકડો લોકો હાજર થઈ જતા. બહુચરાજી માતાના નામથી ઓળખાતું બેચરાજી, પ્રહલાદ શેઠના બેચરાજી તરીકે પણ જાણીતું થયું હતું. માતા કે ભગવાનની કક્ષાની તેમની આ લોક-ઓળખના પાયામાં હતી તેમની નિસ્વાર્થભાવે કરાતી લોકપ્રવૃત્તિઓ.પોતાની અનેકવિધ સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ દ્વારા તેઓ લાખો લોકોના હૃદયમાં પ્રેમ અને આદર પામ્યા હતા. ગાંધીજી કહેતા કે છેવાડાના માણસને ધ્યાનમાં રાખીને જીવન જીવવું. શ્રી પ્રહલાદજી શેઠ તમામ વાડામાંથી ઉપર ઊઠીને છેવાડાના માણસના ઉત્કર્ષ માટે જ સતત મથતા રહ્યા અને તેમાં સફળ પણ થયા.

સહકારી બેંક હોય કે સહકારી મંડળી, ટેલિફોન વિભાગનો પ્રસાર હોય કે પછી આરોગ્ય કેન્દ્રની જરૂરિયાત, વિદ્યાકીય કામ હોય કે પછી કોઈને રોજગારીની જરૂર હોય, શ્રી પ્રહલાદજી શેઠ કાયમ લોકો માટે ખડે પગે અને ભરેલા હૃદયે ઊભા જ હોય. તેઓ વગર કહ્યે લોકોની જરૂરિયાત પામી જતા અને તેને પૂર્ણ કરતા. તેમની લાટી સદાવ્રત હતી તો અનેક લોકોનો વિસામો પણ હતી. લાટી નોંધારાનો આશરો બની હતી તો આખા વિસ્તારના વિકાસનું એન્જિન અને સમાજ સુધારણાનું મથક પણ બની હતી.

તેઓ સમાજના આગેવાન હતા તેમ મહાજન પણ હતા. પિતાના લાકડાના વ્યવસાયને તેમણે વિકસાવ્યો હતો અને જરૂર પડી ત્યારે નવા નવા ધંધા પણ કર્યા હતા. તેઓ સંપત્તિના સર્જક હતા, પણ ગાંધી વિચારના પગલે ટ્રસ્ટી બનીને ધંધો કરતા. અહીં ૨૪ કલાક ધમધમતા રસોડે લોકો જમતા. પોતાની રીતે એ જમાનામાં તેમણે ૧૦૮નો પ્રારંભ કર્યો હતો. તેમની જીપ અને ડ્રાયવર મેડિકલ ઈમરજન્સી માટે ૨૪ કલાક તૈયાર રહેતાં. બેચરાજી અને સમગ્ર ચાણસ્મા તાલુકામાં તેમણે શિક્ષણ, ગ્રામોદ્યોગ, હરિજન ઉત્કર્ષ સહિતની ગણી ગણાય નહીં તેટલી પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. ઝિલિયા આશ્રમના તેઓ સ્થાપક પ્રમુખ હતા.

તેઓ પ્રાકૃતિક ખેતીના પણ હિમાયતી હતા. એ જમાનામાં તેમણે પોતાની જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી હતી.

સમાજને નડતાં હોય તેવાં અસામાજિક તત્વોનો તેઓ નીડરતાથી

અનુસંધાન પાના નં. ૭ પર